# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૨/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા સુરતની ધરોહર એવા કિલ્લાની ઐતિહાસિક ઝાંખી કરાવવા વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે સુરત, અસ્સલ સુરત અને અદ્દલ સુરતના ભાગરૂપે સુરતની ધરોહર એવા કિલ્લાની ઐતિહાસિક ઝાંખી કરાવવા માટે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કન્ઝર્વેશન આર્કિટેક્ટ શ્રી સુમેશ મોદીએ સુરતના કિલ્લાના ઐતિહાસિક ચિત્રો અને ૫રવાના લંડન તેમજ સ્વીડનની લાયબ્રેરી તથા જયપુરના મ્યુઝીયમમાંથી ડોકયુમેન્ટેશનવાળા નકાશાને મેળવીને સાચવવામાં આવ્યો હોવાની ખૂબ જ રસપ્રદ માહિતીથી વાકેફ કર્યા હતા. તેમણે કિલ્લાને રીડેવલપ કરવા માટેની આખી પ્રક્રિયાથી અવગત કર્યા હતા. સાથે જ ધરોહર ફાઉન્ડેશનના ડાયરેકટર એન્જીનિયર શ્રી પ્રકાશ હાથીએ સુરતના કલોક ટાવર તેમજ વાવ વિશે ઐતિહાસિક અને રસપ્રદ માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, સુરતમાં જે લોકો રહે છે તેઓ સુરત વિશે તેમજ તેના ઇતિહાસ વિશે જાણી શકે તેના માટે આ વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી સુમેશ મોદીએ જણાવ્યુ હતુ કે, સુરતનો ઇતિહાસ સૌથી જૂનો અને ખૂબ જ સુંદર છે. સુરતના લોકો તેમજ પ્રવાસીઓ સુરતના ઇતિહાસને જાણી શકે એના માટે મનપા દ્વારા હેરીટેજ સેલ બનાવવામાં આવ્યો હતો. સુરતના કિલ્લાને રીડેવલપ કરવા માટે પાયલટ પ્રોજેક્ટ મંગાવવામાં આવ્યા હતા. એમાં ૧૮ જેટલી એન્ટ્રીઓ

આવી હતી અને એમાં અમારુ પ્રપોઝલ પણ હતુ. આ પ્રોજેકટ મુજબ મકકાઇપુલ નીચેના ભાગને રિવર હેરીટેજ તરીકે ડેવલપ કરવામાં આવશે. ત્યાં મેરીટાઇમ મ્યુઝીયમ બનાવવામાં આવશે અને કિલ્લા પાસે ખરેખરના ઐતિહાસિક જહાજો નદીકિનારે મુકવામાં આવશે. અહી બીઆરટીએસનું સ્ટેશન તેમજ ડાન્સ પ્લાઝા અને ડ્રામા પ્લાઝા પણ છે. સાથે જ ચોકબજારની ઐતિહાસિક બિલ્ડીગોને પણ સાચવવામાં આવશે. ત્રણથી ચાર કલાકનો વોકવે બની શકે છે એવી રીતે આ પ્રોજેકટ પ્રપોઝ કરવામાં આવ્યો હતો. આખો પ્રોજેકટ ધીરે ધીરે એકઝીકયુટ થઇ જશે. લોકોને કઇ રીતે ઇતિહાસ સાથે જોડી શકાય તે વિચાર આ પ્રોજેકટની પાછળ હતો.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, અઠવાનો કિલ્લો વર્ષ ૧૫૪૦માં બન્યો હતો. આ કિલ્લાને રિડેવલપ કરતી વખતે તેની પહેલાની કઇ વસ્તુ ઉપયોગમાં લઇ શકાય અને કઇ વસ્તુને ડિમોલાઇઝ કરી શકાય તે બાબતો નકકી કરવામાં આવી હતી. કારણ કે વૃક્ષોના રૂટ્સ પણ બિલ્ડીગમાં દસ–દસ મીટર સુધી ઘુસી ગયા હતા. તેમણે કહયુ હતુ કે, સુરતના ઇતિહાસના ફોટા સાથેનો ડેટા લંડન અને સ્વીડનથી મેળવવામાં આવ્યો હતો. જયારે સુરતનો સૌથી જૂનો નકશો જયપુરના મ્યુઝીયમમાંથી મળ્યો હતો. સુરતના ડેટા પરથી ખ્યાલ આવ્યો હતો કે તે સમયે નદી અને દરિયામાં યુદ્ધ થતા હતા. આ ડેટા તેમના દ્વારા બ્રિટીશ લાયબ્રેરી લંડનથી લાવવામાં આવ્યો હતો. તે સમયે સુરતમાં તાપી નદીના પુલ ઉપર એક બ્રિજ બનેલાનું જાણવા મળ્યુ હતુ. સુરતમાં એન્ડ્રુઝ લાયબ્રેરી અને વર્ષ ૧૮૮૦માં રેવન્યુ રેકર્ડની ઓફિસો બનાવેલી હતી તેનો ૧૦૦ ટકા ડોકયુમેન્ટેશન વિશેનો મેપ તેમની પાસે આવ્યો હતો. ૧૮૮૧નો ડેટા શોધીને લાવવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, તે સમયે સુરતમાં ઘણા શીપ આવતા અને જતા હતા. એ દરેક શીપનો સેન્ટ્રલાઇઝ ડેટા રાખવામાં આવતો હતો. તેમણે એક વુડનના કવરવાળી બુક સાચવી રાખી છે, જેમાં સુરત માટેના ફરમાનો જોવા મળે છે. તે સમયે સુરતથી સીધું લંડન જવાતુ ન હતુ. આથી પોર્તુગીઝના દરિયામાં અનેક સ્ટેશનો હતા અને તેઓની પરવાનગી લઇને લંડન જવાનુ થતુ હતુ. આથી આ પરવાના પણ તેમના દ્વારા સાચવવામાં આવ્યા છે. વર્ષ ૧૬૧૧માં અકબરે અમદાવાદ ઉપર આક્રમણ કર્યા બાદ તેઓ ખંભાત, બરોડા, ચાંપાનેર અને પછી બરોડા થઇને સુરત આવ્યા હતા. અકબરે કિલ્લો જીત્યો હતો અને સુલેમાની તોપો બધી શીપીંગ કરીને શીફટ કરવામાં આવી હતી. વર્ષ ૧૭૫૯માં બ્રિટીશરોને કિલ્લેદારી આપવામાં આવી હતી અને રેવન્યુ રેકર્ડની જવાબદારી મુગલોના ભાગે આવી હતી. આથી તે સમયે સુરતના કિલ્લા ઉપર બ્રિટીશ અને મુગલોના બે ફલેગ લાગતા હતા.

જયારે સુરતના કિલ્લાનો પ્રોજેકટ બનાવવામાં આવ્યો હતો ત્યારે યુરોપમાં રહેલો મેપ સુરત લાવવામાં આવ્યો હતો. વિશ્વમાં સુરતનો ડેટા જુદી–જુદી લાયબ્રેરીમાં પડેલો હતો, જેને સુરતમાં લાવવામાં આવ્યો છે. આ કિલ્લાનો ઓરીજનલ ગેટ કોઇએ જોયો જ નથી, બ્રિટીશરોએ બીજો ગેટ બનાવ્યો હતો. કિલ્લામાં કન્સ્ટ્રકશન વખતે લેયર પણ જુદા–જુદા જોવા મળ્યા હતા. વર્ષ ૧૩૭૨ની અંદર ફિરોઝ શાહ તુઘલકે એક કિલ્લો બનાવ્યો હતો. આથી પ્રથમ લેયર તે સમયનો જોવા મળ્યો હતો. આ કિલ્લો પહેલા દેખાતો ન હતો. આ એક માળનો કિલ્લો હતો, જેની ઉંચાઇ ૩૦ ફૂટની હતી. પછી ગુજરાત સલ્તનત દ્વારા કિલ્લાની ઉંચાઇ ૬૦ ફૂટ કરવામાં આવી હતી અને તેની ઉપર દિવાલો બાંધવામાં આવી હતી. તેમણે કહયુ હતુ કે કિલ્લો રીડેવલપ થયા બાદ અત્યાર સુધીમાં ૪૦થી ૪૫ હજાર લોકો વિઝીટ કરી ગયા છે.

શ્રી પ્રકાશ હાથીએ જણાવ્યુ હતુ કે સુરત માટે ૧૭મી, ૧૬મી અને ૧૩મી સિવાય ૭મી સેન્ચુરી સુધીનો ઇતિહાસ જોવા મળે છે. ઇતિહાસના વિદ્યાર્થીઓ સુરતને ઘણા નજીકથી નહી જોઇ શકે પણ હેરીટેજ વારસાને નજીકથી

જુએ છે. દર વર્ષે કોલેજના વિદ્યાર્થીઓ હેરીટેજની ટૂર પર પણ જતા હોય છે. હેરીટેજ પાછળની સ્ટોરી જો સમજાવવામાં આવે તો લોકો ત્યાં વધારે વિઝીટ કરી શકે છે. સુરતમાં તો કલ્ચર, ફૂડ, ફેસ્ટીવલ અને લોકો પણ છે. સુરતની હેરીટેજ બિલ્ડીગોમાં જે રીતે વિશેષતા છે તેવી રીતે સુરતમાં પણ ઘણી વિશેષતા છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ખુદાબન ખાને સુરતનો કિલ્લો બનાવવા માટે ત્રણ જગ્યા સિલેકટ કરી હતી. અત્યારે જયાં કિલ્લો છે ત્યાં અને જયાં તેમની દરગાહ છે એ જગ્યા હતી. સુરતની ઓળખ પણ હેરીટેજથી થઇ શકે છે. પહેલાં સુરત કેસલ અને ફોર્ટ અલગ–અલગ હોય છે. લોકો જયાં રહેતા હતા તેની આસપાસ ફોર્ટ બનેલો હતો. ઈંગ્લીશ કેફે, ડચ ઇન્ફલુએન્સથી કોર્ટ બનેલી છે. સુરત કેસલ એ સુરતની સેન્ટ્રલાઇઝ ઓળખ બની શકે છે. હવે ત્યાં લાઇટ એન્ડ સાઉન્ડ શો અને લાયબ્રેરી શરૂ થવાની છે. જેને કારણે તેની લોકપ્રિયતા વધી શકે છે.

તેમણે રાજમાર્ગ ઉપર આવેલા કલોક ટાવર વિશે જણાવ્યુ હતુ કે, આ ટાવરને આવતા વર્ષે ૧૫૦ વર્ષ થવાના છે. પહેલાં જયારે આ ઘંટ વાગતો હતો ત્યારે આખા સુરત શહેરમાં તેની અવાજ સંભળાતી હતી. સુરતમાં પગથીયાવાળી પાંચ વાવ પણ છે. ગોપીપુરામાં ચતુર્મુખી વાવ આવેલી છે. લખાની ટેકરી પાસે ઈંગ્લીશ સેમીટ્રીની બાજુમાં વાવ છે.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જયારે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.